


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 299
Dt.: 04-09-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


# પંજાબના ૧ ૨ જિલ્લા પૂરથી ખરાબ રીતે પ્રભાવિત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

સમગ્ર ઉત્તર ભારતમાં ઘણી જગ્યાએ પૂરની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને છેલ્લા દિવસથી પંજાબમાં સ્થિતિ ચિંતાજનક છે. પંજાબની સતલજ, બિયાસ, રાવી અને ઘગ્ગર નદીઓ પૂરના નિશાનથી ઉપર વહી રહી છે. જેના કારણે પંજાબમાં હાહાકાર મચી ગયો છે. આના કારણે પંજાબના ૧ હજારથી વધુ ગામો પૂરથી પ્રભાવિત થયા છે. પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા લોકો યુદ્ધના ધોરણે કાર્યરત છે. અસરગ્રસ્ત લોકોને સલામત સ્થળોએ લઈ જવાના પ્રયાસો ચાલુ છે.આ કારણોસર ચીનમાં યોજાયેલી SCO બેઠકમાંથી પાછા ફર્યા પછી તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે વાત કરી હતી અને પૂરની સ્થિતિ વિશે માહિતી મેળવી હતી.

પંજાબના ૨૩ માંથી ૧૨ જિલ્લાઓ પૂરથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. પૂરને કારણે અત્યાર સુધીમાં ૩૦ લોકોના મોત થયાના અહેવાલ છે. આનાથી લગભગ ૧૫ લાખ લોકો પ્રભાવિત થયા છે અને

## ત્રણ લાખ લોકોએ છોડવું પડ્યું ઘરઃ પંજાબના ૧ હજારથી વધુ ગામો પૂરથી પ્રભાવિત થયા

અત્યાર સુધીમાં લગભગ ૩ લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. પૂરને કારણે પંજાબમાં ખેતીને પણ અસર થઈ છે. લગભગ ૩ લાખ એકર ખેતીલાયક જમીનને અસર થઈ છે. જેના કારણે ડાંગર, કપાસ અને મકાઈના પાક સંપૂર્ણપણે નાશ પામ્યા છે. હવામાન વિભાગે પંજાબ માટે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે ભારે વરસાદની શક્યતા છે. તેથી જ આ પૂરની પરિસ્થિતિમાંથી ટૂંક સમયમાં રાહત મળવાની આશા ઓછી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને મંગળવારે પૂરગ્રસ્ત વિસ્તારોનો સર્વે કર્યો હતો. જ્યારે તેમને આ સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું કે કુદરત સામે તેઓ શું કરી શકે છે. એ સાચું છે કે જ્યારે કુદરત પોતાનું ઉગ્ર સ્વરૂપ બતાવે છે ત્યારે તેની સામે બધા પ્રયાસો નિષ્ફળ જાય છે. તો શું આનો અર્થ એ છે કે પંજાબના લોકોને પૂરની દયા પર છોડી દેવા જોઈએ? પંજાબ છેલ્લા ૬ વર્ષમાં ત્રીજી વખત પૂરની ઝપેટમાં છે. અગાઉ ૨૦૨૩ અને ૨૦૧૯માં પણ પંજાબ પૂરથી પ્રભાવિત થયું હતું. ૨૦૨૩ના પૂરમાં પંજાબના ૧૫૦૦થી વધુ ગામડાઓ પ્રભાવિત થયા હતા અને લગભગ ૨ લાખ ૨૧ હજાર હેક્ટર જમીન પર ઉભા પાકનો નાશ થયો હતો. તેવી જ રીતે ૨૦૧૯માં આવેલા પૂરમાં ૩૦૦થી વધુ ગામડાઓ પૂરથી પ્રભાવિત થયા હતા અને હજારો હેક્ટર જમીન પર પાકનો નાશ થયો હતો.

### સોનું સળંગ ત્રણ દિવસથી તેજીમાં

# અમદાવાદમાં આજે વધુ રૂ.૧૨૦૦ ઉછળી સોનું ઓલટાઈમ હાઈ

### સોનાની કિંમત રૂ. ૧૦,૯૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છેઃ છેલ્લા ત્રણ દિવસમાં સોનાની કિંમત ૨૫૦૦ વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

વૈશ્વિક પડકારો વચ્ચે કિંમતી ધાતુમાં રોકાણ વધી રહ્યું છે. સોનું રોજ નવી ટોચે નોંધાવી રહ્યું છે. વૈશ્વિક કિંમતી ધાતુ બજારમાં તેજીના પગલે સ્થાનિક સ્તરે પણ સોનાનો ભાવ સળંગ ત્રણ દિવસથી નવી સર્વોચ્ચ ટોચ નોંધાવી રહ્યો છે. એમસીએક્સ સોનાએ પણ રૂ. ૧૦૬૪૪૪ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચ નોંધાવી હતી.



અમદાવાદમાં આજે સોનું વધુ રૂ. ૧૨૦૦ મોંઘુ થઈ નવી ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું છે. સોનાની કિંમત આજે રૂ. ૧૨૦૦ ઉછળી રૂ. ૧૦,૯૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં સોનાની કિંમત રૂ. ૨૫૦૦ વધી છે. ગઈકાલે રૂ. ૧૦૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ અને સોમવારે રૂ. ૧૦૭૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટીએ નોંધાયો હતો.

સોના અને ચાંદીમાં મબલક તેજી જોવા મળી છે. સોના કરતાં પણ ચાંદીની રોકાણ ઉપરાંત ઔદ્યોગિક માગ વધતાં કિંમતમાં અનેકગણો વધારો નોંધાયો હતો. ગઈકાલે અમદાવાદમાં ચાંદી અત્યારસુધીની સર્વોચ્ચ સપાટી રૂ.૧,૨૫,૦૦૦ પ્રતિ કિગ્રાએ પહોંચી હતી. આ રેકોર્ડ સ્તરેથી આજે પ્રોફિટ બુકિંગ જોવા મળતાં રૂ. ૧૦૦૦ સસ્તી થઈ હતી. આજે અમદાવાદમાં ચાંદીનો ભાવ રૂ. ૧,૨૪,૦૦૦ પ્રતિ કિગ્રા નોંધાયો હતો.

આર્થિક અને રાજકીય પડકારો તેમજ આ મહિને ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડો થવાની અપેક્ષા સાથે સેફ હેવનમાં રોકાણ વધ્યું છે.

વૈશ્વિક સ્તરે પણ સ્પોટ ગોલ્ડ ૩૫૪૬.૯૯ ડોલરની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓના કારણે વેપાર તણાવ સર્જાયો છે. અમેરિકામાં ફુગાવામાં વૃદ્ધિ તેમજ જીડીપી ગ્રોથમાં ઘટાડો થવાની ભીતિ વધી છે. વૈશ્વિક અને જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના કારણે સોના-ચાંદીમાં રોકાણ વધ્યું છે.

# ૧૧૦૦ કરોડ રુપિયામાં વેચાયો નેહરુનો ઐતિહાસિક બંગલો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લુટિયંસ દિલ્હીના દિલમાં આવેલા એક ઐતિહાસિક બંગલો, જે ક્યારેક ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુનું સત્તાવાર નિવાસ હતું, લગભગ ૧૧૦૦ કરોડની એક મોટી સંપત્તિ ડિલમાં વેચાયો છે. આ સંપત્તિ ૧૭ યોર્ક રોડ પર આવેલી છે, જેને હવે મોતીલાલ નેહરુ માર્ગના નામથી ઓળખવામાં આવે છે. આ રાજધાનીની સૌથી મહત્ત્વપૂર્ણ સરનામામાંથી એક છે. FPJના રિપોર્ટ અનુસાર, આ ડિલ ૧૪૦૦ કરોડની શરુઆતી માગ કિંમતને ઘટાડીને અંતિમ રુપ આપવામાં આવ્યું છે.

આ વિરાસત બંગલાના હાલના માલિક રાજકુમારી કક્કડ અને બીના રાની છે, જે એક રાજસ્થાની શાહી પરિવારના સભ્યો હોવાનું કહેવાય છે. આ સંપત્તિ ૧૪,૯૭૩ વર્ગ મીટર લગભગ ૩.૭ એકરમાં ફેલાયેલી છે અને તેમાં ૨૪,૦૦૦ વર્ગફુટનું બાંધકામ છે.

ખરીદદારની ઓળખ ગોપનીય રાખવામાં આવી છે. જો કે FPJના સૂત્રોના હવાલેથી જણાવ્યું છે કે આ એક મુખ્ય ભારતીય ઉદ્યોગપતિ છે, જે પેય પદાર્થ ક્ષેત્ર સાથે જોડાયેલા છે.

આ ખરીદદારી અંતિમ તબક્કામાં છે અને એક ટોચની લો ફર્મ સંપત્તિના કાયદાકીય તપાસ કરી રહી છે. એક પ્રક્રિયાત્મક પગલા અંતર્ગત કાનૂની પ્રતિનિધિઓએ પોતાના ગ્રાહક તરફથી એક સાર્વજનિક નોટિસ જાહેર કરી છે.

આ નોટિસમાં સંપત્તિ પર દાવો કરનારા કોઈ પણ પક્ષને સાત દિવસની અંદર આગળ આવવા માટે કહેવાયું છે. અન્યથા એવું માનવામાં આવશે કે કોઈ અન્ય દાવો નથી. આ બંગલાનું મહત્ત્વ તેના ઊંડા ઐતિહાસિક વિરાસત સાથે સંકળાયેલું છે. કારણ કે આ નેહરુનું પહેલું સત્તાવાર ઘર હતું અને તેનું સ્થાન લુટિયંસ બંગલા ઝોનમાં છે. આ ૨૮ વર્ગ કિમીનો વિસ્તાર, જેને બ્રિટિશ વાસ્તુકાર એડવિન લુટિયંસે ૨૦મી સદીની શરુઆતમાં ડિઝાઈન કર્યું હતું, રાજધાનીના સૌથી વિશિષ્ટ અને મોંઘો વિસ્તાર છે. લુટિયંસ બંગલો ઝોનમાં લગભગ ૩૦૦૦ બંગલોથી વધારે સરકારી ફાળવેલા નિવાસ છે, જે મંત્રીઓ અને ન્યાયાધીશો માટે છે. અનુમાનિત ૬૦૦ બંગલા ખાનગી હાથમાં છે, જે હંમેશા દેશના સૌથી અમીર પરિવારો પાસે હોય છે. તેની વીઆઈપી લોકેશન, વિશાળ પ્લોટ સાઈઝ અને શાનદાર ઐતિહાસિક મહત્ત્વના કારણે આ સંપત્તિ ખાલી અમુક ગણ્યાગાંઠ્યા અબજોપતિઓ માટે જ સુલભ છે.

### દિલ્હીના અનેક વિસ્તારો જળબંબાકાર

# ઘર, શેરી, ખેતરો અને ગામના ગામ... યમુનાનું રૌદ્ર સ્વરૂપ!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યમુના નદીં દિલ્હીની ઓળખ છે, જ્યારે તે શાંત હોય છે, ત્યારે તે ખૂબ જ સુંદર લાગે છે, પરંતુ જ્યારે તે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તે બધું જ નષ્ટ કરી નાખે છે. હાલ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે યમુનાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. નદીનું પાણીનું સ્તર ૨૦૬.૯૩ મીટર સુધી પહોંચી ગયું છે, જે ભયાનક સપાટીની ઉપર પહોંચી ગયું છે. જણાવી દઈએ કે, NCRના જે વિસ્તારો યમુનાની આસપાસ છે, તે વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે.આજે બુધવારે, દિલ્હીમાં યમુના નદીના કિનારે આવેલો રહેણાંક વિસ્તાર, મયુર વિહાર, જૈતપુર પુષ્ટ, શ્યામ ઘાટ અને યમુના બજારનું દ્રશ્ય ખૂબ જ ભયાનક હતું. ચારે બાજુ કાદવવાળું પૂરનું પાણી ભરાઈ ગયું છે, જેમાં ખાટલા તરતા જોવા મળી રહ્યા છે. લોકો ઘૂંટણ સુધી પાણીમાં પસાર થઈ રહ્યા હતા. ઘરોની અંદર પાણી પહોંચી ગયું હતું. લોકો માથા પર જરૂરી વસ્તુઓ લઈને સુરક્ષિત સ્થળો તરફ જઈ રહ્યા હતા.

પૂરની સૌથી વધુ અસર ખેડૂતો પર પડી છે. મદનપુર ખાદર જેવા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોના પાકનો નાશ થયો છે. ખેડૂત રામશંકરે પોતાની પીડા વ્યક્ત કરતા કહ્યું કે, તેમના કાકાએ પાક ઉગાડવા માટે ખૂબ મહેનત કરી હતી, પરંતુ બધું બરબાદ થઈ ગયું છે. તેમણે વધુમાં કહ્યું કે, પાણીનું સ્તર દર કલાકે વધી રહ્યું છે, જેના કારણે તેમના ખેતરો સંપૂર્ણપણે ડૂબી ગયા છે.

બીજા ખેડૂત વિકાસે જણાવ્યું કે, તેમના પરિવારની આજીવિકા સંપૂર્ણપણે ખેતી પર નિર્ભર છે અને હવે અડધાથી વધુ ખેતરો પાણીમાં ડૂબી ગયા છે. પૂરે માત્ર પાક અને ખેતરો જ નહીં, પરંતુ લોકોના ઘરો પણ ડૂબી ગયા છે. ઘણા લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. મદનપુર ખાદરના એક રહેવાસીએ જણાવ્યું કે, ખેતરોની સાથે તેમના ઝૂંપડા પણ પાણીમાં ડૂબી ગયા છે. તેમણે ફરિયાદ કરી કે, પોલીસ તેમને ત્યાંથી ખસેડવા માટે કહી રહી છે, પરંતુ તેમના માટે રહેવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. યમુના નદી પારના વિસ્તારોમાં, રાતે પડેલા વરસાદને કારણે, ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે ફર્નિચરથી લઈને જરૂર વસ્તુઓ ભીની થઈ ગઈ હતી અને લોકોને ખૂબ જ તકલીફ પડી હતી. ISBT નજીકનું મઠ બજાર અને આસપાસના રહેણાંક વિસ્તારો પણ પાણીથી ભરાઈ ગયા હતા. મઠનું લદ્દાખ બુદ્ધ વિહાર મંદિર પણ પાણીમાં ડૂબી ગયું હતું. પાણીના સ્તરમાં વધારો થવાને કારણે નિગમ બોધ ઘાટ અને યમુના બજાર જેવા અન્ય વિસ્તારો પણ પ્રભાવિત થયા હતા. યમુના બજાર લગભગ ૧૦ ફૂટ સુધી પાણીથી ભરાઈ ગયું છે.

વહીવટીતંત્રે પરિસ્થિતિને ગંભીરતાથી લીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, હરિયાણામાં હાથિનીકુંડ બેરેજ અને અન્ય બેરેજમાંથી પાણી છોડવાને કારણે પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. બોટમાંથી જાહેરાત કરીને, નદી કિનારે રહેતા લોકોને સલામત સ્થળોએ જવા માટે વિનંતી કરવામાં આવી રહી છે.

# ટ્રમ્પની ધમકીઓ વચ્ચે ભારતને ફાયદોઃ સસ્તા ઓઈલની સાથે S400ની ઝડપી ડિલીવરી કરશે રશિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાની ધમકીઓ વચ્ચે ભારત અને રશિયા વચ્ચે ભાગીદારી વધુ મજબૂત થતી દેખાય છે. હવે એવા અહેવાલો છે કે રશિયા ભારતને વધુ S-400 મિસાઈલ સિસ્ટમ મોકલવાનું વિચારી રહ્યું છે. બંને દેશો વચ્ચે સપ્લાય વધારવા માટે પણ વાતચીત ચાલી રહી છે. પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે ભારતને રશિયન ઓઈલ મામલે વધુ ડિસ્કાઉન્ટ મળી શકે છે.અહેવાલ અનુસાર રશિયન અધિકારી દિમિત્રી શુગાયેવે એક ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, "ભારત પાસે પહેલાથી જ અમારી S-400 સિસ્ટમ્સ છે. આ ક્ષેત્રમાં પણ અમારા પરસ્પર સહયોગને વિસ્તૃત કરવાની શક્યતાઓ છે. તેનો અર્થ એ છે કે નવી ડિલિવરી. હાલમાં, અમે વાતચીત કરી રહ્યા છીએ." ભારતે ૨૦૧૮ માં ૫.૫ બિલિયન ડોલરમાં ૫ જેટલી S-400 મિસાઈલ સિસ્ટમ્સ માટે સોદો કર્યો હતો. અત્યાર સુધી રશિયા દ્વારા ત્રણ સિસ્ટમ્સ આપવામાં આવી છે. જોકે, બાકીના બેની ડિલિવરીમાં વિલંબ થયો છે. એવી શક્યતા છે કે રશિયા ૨૦૨૬ અને ૨૦૨૭ માં બાકીની ૨ S-400 સિસ્ટમ ભારતને આપશે. ખાસ વાત એ છે કે મે મહિનામાં પાકિસ્તાન સાથેના સંઘર્ષ દરમિયાન S400 મિસાઈલ સિસ્ટમે મોટી ભૂમિકા ભજવી હતી. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ભારતીય સેના ૭ મેના રોજ પાકિસ્તાનમાં ઘૂસી ગઈ અને આતંકવાદીઓના ઠેકાણાઓને નિશાન બનાવ્યા.

આ દરમિયાન રશિયાએ ભારતને ઓઈલ ખરીદી પર પહેલા કરતાં વધુ મોટું ડિસ્કાઉન્ટ આપવાની તૈયારી કરી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયાનું ઓઈ ભારત માટે પ્રતિ બેરલ ૩-૪ ડોલર સસ્તું થઈ શકે છે. બ્રેન્ટની તુલનામાં રશિયાના યુરાલ ક્રૂડ ઓઈલ પર પ્રતિ બેરલ ૩ થી ૪ ડોલરનું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે.

### મેનેજરના કૌભાંડની કહાની જાણીને હેરાન રહી જશો

# એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં ૨૩૨ કરોડ રૂપિયાનું મોટું કૌભાંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં એક ચોંકાવનારો કૌભાંડ પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક સિનિયર મેનેજર રાહુલ વિજય પર ૨૩૨ કરોડ રૂપિયાનો દુરુપયોગ કરવાનો આરોપ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મેનેજર શૂન્ય ઉમેરીને ૨૩૨ કરોડ રૂપિયાનો માલિક બન્યો.

આ મામલાની તપાસ કરતી વખતે, CBI એ આરોપીઓના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા, જ્યાંથી કૌભાંડના પૈસાથી ખરીદેલી સ્થાવર અને જંગમ મિલકતો સંબંધિત ઘણા દસ્તાવેજો મળી આવ્યા છે. આ ખુલાસા બાદ એરપોર્ટ ઓથોરિટીમાં ખળભળાટ મચી ગયો છે.એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) માં પોસ્ટ કરાયેલા સિનિયર મેનેજર રાહુલ વિજયની CBI દ્વારા ૨૩૨ કરોડ રૂપિયાની છેતરપિંડી સામે આવી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.આ કૌભાંડ દેહરાદૂન એરપોર્ટ પર તેમની પોસ્ટિંગ દરમિયાન થયું હતું, જ્યાં આરોપીએ સરકારી ભંડોળ તેમના પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યું હતું. CBI અનુસાર, આ ગેરરીતિ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૨-૨૩ દરમિયાન કરવામાં આવી હતી જેમાં આરોપીએ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સાથે ચેડા કર્યા હતા. તેણે નકલી સંપત્તિ બતાવી, ડુપ્લિકેટ એન્ટ્રીઓ પણ બનાવી અને સંપત્તિના મૂલ્યને અતિશયોક્તિપૂર્ણ કરવા માટે એન્ટ્રીઓમાં શૂન્ય ઉમેર્યા.આ યુક્તિ દ્વારા, લગભગ ૨૩૨ કરોડ રૂપિયા આરોપીના વ્યક્તિગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. બાદમાં, આરોપીએ આ રકમ અલગ અલગ ટ્રેડિંગ ખાતામાં ડાયવર્ટ કરી. આ કેસમાં, CBI એ ૨૮ ઓગસ્ટના રોજ જયપુરમાં આરોપીના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા, જ્યાંથી મિલકત સંબંધિત દસ્તાવેજો અને ઘણા મૂલ્યવાન કાગળો પણ મળી આવ્યા હતા.હાલમાં, આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને કેસની તપાસ હજુ પણ ચાલુ છે. સિનિયર ફાઈનાન્સ મેનેજર ચંદ્રકાંત પીની ફરિયાદ પર રાહુલ વિજય વિરુદ્ધ ૨૬ ઓગસ્ટના રોજ દિલ્હીમાં CBI શાખામાં કેસ નોંધવામાં આવ્યો હતો.




# તંત્રી લેખ......

## એ.આઈ.થી રોજગારી સામે પડકાર સર્જાવાની ભીતિ

નીત નવી શોધખોળોએ માનવજીવન સરળ બનાવ્યું છે. સંશોધકો અને વિજ્ઞાનીઓ અવનવી ટેક્નોલોજી શોધવામાં રાત-દિવસ લાગેલા રહે છે. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષથી મોટાપાયે ટેક્નોલોજીનું પરિવર્તન થઈ રહ્યું છે અને સારી વાત એ છે કે, જન સામાન્યએ તેને ઉત્સાહભેર વધાવી લીધું છે. જમાનો બદલાય એના સાથે કદમ મિલાવવા જરૂરી હોય છે. આજે ચાની નાની રેંકડી, પાણીપુરીના ખુમચા કે ચર્મકાર પણ ડિજિટલ ચૂકવણું સ્વીકારતા થઈ ગયા છે... ને લોકો લેણદેણમાં સહજતાથી તેનો ઉપયોગ કરી રહ્યા છે. આ બદલાવ સાથે એક અપેક્ષા એ રહે છે કે, દુનિયાના સૌથી વિશાળ વસ્તીવાળા દેશમાં રોજગારીની નવી તકોનું નિર્માણ થશે. વાસ્તવિક ચિત્ર જુદું છે. કૃત્રિમ બુદ્ધિમતા (આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ-એઆઈ)નો પ્રસાર ઝડપભેર થઈ રહ્યો છે. મોબાઈલ કે કોમ્પ્યુટર દ્વારા એક કમાન્ડ માત્રથી એક કરતાં વધુ વ્યક્તિનાં કામ થવા લાગ્યાં છે, એને લીધે કંપનીઓ વ્યવસાયકારોની કર્મચારી રાખવાની જરૂરિયાત ઘટવા લાગી છે. તાજેતરમાં દેશની પ્રતિષ્ઠિત મનાતી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) દ્વારા ૧૨ હજારથી વધુ કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત ચોંકવનારી છે. આ આંકડો કંપનીના કર્મચારીઓના કુલ આંકડાના બે ટકા છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (આઈટી) સેક્ટર પર સંકટનાં વાદળ ઘેરાઈ રહ્યાં છે. એ.આઈ. પ્રેરિત ટેક્નોલોજીની માંગ વધી રહી છે. કંપનીઓ માટે ટેકનિકલ કામ લેવું સરળ બન્યું છે, એટલે છટણી શરૂ થઈ છે. ટીસીએસ કહે છે કે, ૧૨ હજાર કર્મચારી ઓછા કરવાનું કારણ કાબેલિયતનો અભાવ છે. વળી કંપની દ્વારા વિકસિત થઈ રહેલા વ્યવસાયિક મોડેલમાં અમુક કર્મચારીની પુનઃનિયુક્તિ અસંભવ જણાતાં આકરું પગલું ભરવું પડયું. કંપનીના સીઈઓએ દાવો કર્યો છે કે, તેની પાછળ એઆઈ પ્રેરિત ઉત્પાદકીય વૃદ્ધિ નથી. જો કે, ટાટા કન્સલ્ટન્સીનું પગલું આઈટી સેક્ટરમાં બીજી કંપનીઓને અનુસરવા પ્રેરિત કરે એવી ભીતિ સેવાઈ રહી છે. નવી શોધ સમયની માંગ છે, પણ તેની કિંમત કર્મચારીઓએ ચૂકવવી પડે એ કેવું ? એક હિન્દી અખબારના અહેવાલ મુજબ ટીસીએસએ એઆઈના વિકાસ અને તેના પ્રશિક્ષણમાં મોટું મૂડીરોકાણ કર્યું છે. એટલું જ નહીં સિનિયર કર્મચારીઓને પણ નોકરીમાં ચાલુ રાખવા સામે જોખમ લટકી રહ્યું છે. ચિંતાનો વિષય એ છે કે, ટેક્નોલોજી સાથે કાર્યપદ્ધતિમાં પરિવર્તન જરૂરી બને છે, મોટી દિગ્ગજ કંપનીઓને પોસાઈ શકે પણ નાની કંપનીઓ કે વ્યવસાયકારોનું શું ? પશ્ચિમી દેશોમાં બેરોજગારીનું પ્રમાણ ઓછું છે, વળી ત્યાં વરીષ્ઠો માટે, નાગરિકો માટે પણ મજબૂત સુરક્ષાછત્ર છે. ખરો પડકાર ભારત જેવા રાષ્ટ્રો માટે છે. અહીં માનવતાની વિપુલતા છે, છતાં ધસમસતા આવી રહેલા બદલાવને રોકી શકવો શક્ય નથી. જરૂર છે તેની સાથે અનુકુલન સાધવાના અને નવી ટેક્નોલોજીના સ્વીકાર માટે સજ્જ બનીને તાલીમ કુશળતા મેળવવાની.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧,૦૬,૪૫૦ના ઓલ ટાઈમ હાઈના સ્તરેઃ ચાંદીનો વાયદો રૂ.૨૨૪ વધ્યોઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યા

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૭૫૨.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૨૭૯૫.૧૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૫૧૭૫.૦૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૮૭૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૧૨૫૪૯.૨૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૭૫૨.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૨૭૯૫.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૮૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૬૪૨.૨૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૧૭૫.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૧૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૪૫૦ના ઓલ ટાઈમ હાઈના સ્તરને અને નીચામાં રૂ.૧૦૫૮૫૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૫૭૯૨ના આગલા બંધ સામે રૂ.૬૫૮ના ઉછાળા સાથે રૂ.૧૦૬૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૫૫ વધી રૂ.૮૫૪૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૩ વધી રૂ.૧૦૬૯૨ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૨ વધી રૂ.૧૦૫૭૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫૯૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૫૨૨ અને નીચામાં રૂ.૧૦૫૯૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૦૫૭૯૫ના આગલા બંધ સામે રૂ.૭૨૭ વધી રૂ.૧૦૬૫૨૨ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૨૬૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૯૧૫ અને નીચામાં રૂ.૧૨૨૩૩૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૨૬૪૧ના આગલા બંધ સામે રૂ.૨૨૪ વધી રૂ.૧૨૨૮૬૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૬૬ વધી રૂ.૧૨૪૭૧૯ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૮૧ વધી રૂ.૧૨૪૭૩૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૩૩૨.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૦૦ અને નીચામાં રૂ.૩૩૧૯ના મથાળે અથડાઈ, રૂ.૬૨ ઘટી રૂ.૩૫૮૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૭૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૮૪ અને નીચામાં રૂ.૫૬૪૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૮૬ના આગલા બંધ સામે રૂ.૧૧૬ ઘટી રૂ.૫૬૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૧૫ ઘટી રૂ.૫૬૭૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૩ વધી રૂ.૨૬૮.૨ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬.૨ વધી રૂ.૨૬૮.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૬૭.૪ના ભાવે ખૂલી, ૬૦ પૈસા ઘટી રૂ.૯૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૬ ઘટી રૂ.૨૫૫૪ થયો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૫૨૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૧૧૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૪૯૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૬૮૬૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૫૨૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૧૭૧૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૪૫૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૧૫૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૯૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૭૯૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૩૦૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૮૦૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૪૮૭૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૭૭૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૪૨ પોઈન્ટ વધી ૨૪૮૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૭.૨ ઘટી રૂ.૯૭.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ વધી રૂ.૧૨.૯ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭.૫ વધી રૂ.૧૧૫૭.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૧ વધી રૂ.૩૧૭૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા ઘટી રૂ.૯.૯ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા વધી રૂ.૩.૯૮ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૭૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૮૦ પૈસા ઘટી રૂ.૪.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧ વધી રૂ.૧૫.૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૫.૫ વધી રૂ.૧૯૬૩ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૯.૫ વધી રૂ.૩૧૧૪ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૧.૯ વધી રૂ.૧૭૩.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૧૦.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧.૫ ઘટી રૂ.૩૭૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦ ઘટી રૂ.૧૨૬૦ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૨ પૈસા વધી રૂ.૯.૫૪ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭ પૈસા ઘટી રૂ.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૩.૬ વધી રૂ.૧૭૫.૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૦૫ ઘટી રૂ.૧૦.૯૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૦.૫ ઘટી રૂ.૧૧૮૯.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૯ ઘટી રૂ.૧૩૦૯ થયો હતો.

રાષ્ટ્રીય શિક્ષક દિવસ -૨૦૨૫ (શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ - ૦૨)

# ડીંગુચા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી જિજ્ઞાસા પ્રજાપતિને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા બદલ 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર-૨૦૨૫'થી સન્માનિત કરાશે

### "મારી માતૃભૂમિ એ જ મારી કર્મભૂમિ છે, જ્યાં મને બાળકોને ભણાવવાનું ગૌરવ પ્રાપ્ત થઈ રહ્યું છે :- શિક્ષક શ્રી જિજ્ઞાસા પ્રજાપતિ

સૌ બાળકો ભણે, ગણે અને આગળ વધે તે માટે ડીંગુચા પ્રાથમિક શાળામાં વર્ષ-૨૦૦૭થી પ્રાથમિક શિક્ષિકા શ્રી જિજ્ઞાસા પ્રજાપતિ સતત પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ ડીંગુચા પ્રાથમિક શાળામાં બાળકોને નવીન પદ્ધતિઓ, ટેક્નોલોજી અને શૈક્ષણિક સાધનો આધારિત શૈક્ષણિક કામગીરી કરાવે છે. બાળકોનું ભણતર છૂટે નહિ તે દિશામાં કામ કરનારી શિક્ષિકા શ્રી જિજ્ઞાસા પ્રજાપતિના જણાવ્યા અનુસાર, કોરોનાના સમયમાં જ્યારે શાળાઓ બંધ હતી, ત્યારે વિદ્યાર્થીઓનો અભ્યાસ અટકે નહીં તે માટે હોમલર્નિંગની સામગ્રી તૈયાર કરી તેમણે સોશિયલ ડિસ્ટન્સ સાથે ભણાવવા તેમના ઘરે જતા હતા. કોરોનાકાળમાં ઓનલાઈન શિક્ષણના માધ્યમથી બાળકોને જોડવા અને તકનીકી સાધનોની મર્યાદા હોવા છતાં દરેક વિદ્યાર્થી સુધી વ્યક્તિગત પહોંચવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. આ સમયમાં રાજ્યના બાળકોને ભણાવવા સમગ્ર શિક્ષા-ગાંધીનગર દ્વારા ધોરણ ૧ અને ૨ પ્રજ્ઞા વર્ગ, ધોરણ – ૩ જ્ઞાનસેતુ તથા ધોરણ – ૩ થી ૫ "એક ભારત શ્રેષ્ઠ ભારત" અને જોયફુલ સેટર-ડે સહિતના એપિસોડ મળી કુલ ૭૭ જેટલા વિડીયો એપિસોડ ડીડી ગિરનાર પર પ્રસારિત કરવામાં આવ્યા હતા.

શ્રી જિજ્ઞાસા પ્રજાપતિએ સરકાર દ્વારા આયોજિત **PSE, NMMS, CET, CGMS,** જવાહર નવોદય જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે અનુકૂળ અભ્યાસક્રમ, પ્રશ્નપત્રો અને પ્રશ્નસમૂહો તૈયાર કરીને તેમને યોગ્ય દિશામાં અભ્યાસ પણ કરાવે છે. આ શિક્ષિકાએ ભણાવેલા અનેક બાળકો આ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયા છે. તેમની શાળાના બાળકોને વર્ષ-૨૦૦૭થી અત્યાર સુધી એટલે કે, છેલ્લા ૧૮ વર્ષથી ગણિત-વિજ્ઞાન



પર્યાવરણ પ્રદર્શનમાં તાલુકા, જિલ્લા તથા રાજ્યકક્ષા સુધી ભાગ લેવા વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે. આમ, બાળકોએ વૈજ્ઞાનિક અભિગમ સાથે જોડાઈને શાળાને તાલુકા, જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ પણ ગૌરવ અપાવ્યું છે.

આ શાળા દ્વારા લોક ભાગીદારી થકી સમાજ સાથે શિક્ષણનું સંતુલિત જોડાણ પ્રસ્થાપિત કરીને અંદાજિત રૂ.૨૦ લાખથી વધુ મૂલ્યની રોકડ રકમ અને શાળાને ઉપયોગી તેવી વિવિધ વસ્તુઓનું દાન એકત્રિત કરીને સારા શિક્ષણ માટે ઓરડા, પ્રોજેક્ટર જેવી વિવિધ વસ્તુઓ લાવવામાં આવે છે. આ શિક્ષિકા દ્વારા વ્યસનમુક્તિ તેમજ અંધશ્રદ્ધા નિવારણની મુહિમ ચલાવવામાં આવે છે અને લોકજાગૃતિના કાર્યક્રમ અને નાટકો કરવામાં આવે છે. જેથી ગામમાં નાગરિકો અંધશ્રદ્ધાથી દૂર રહીને પોતાની દીકરીઓને શાળાએ ભણાવા મોકલે. આ શિક્ષિકા દ્વારા મોડ્યુલ લેખનને ધ્યાનમાં રાખીને વિદ્યાપ્રવેશ-શિક્ષક આવૃત્તિ, વિદ્યાપ્રવેશ-વિદ્યાર્થી પ્રવૃતિપોથી, વિદ્યાપ્રવેશ-શિક્ષક પ્રશિક્ષણ મોડ્યુલ, પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ, ધોરણ ૩ થી ૫ ભાષા, જીવનકૌશલ્ય જેવા વિવિધ વિષયો માટે વિદ્યાર્થી કેન્દ્રિત મોડ્યુલો તૈયાર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ધોરણ ૩ થી ૮ સ્વાધ્યાય પોથીમાં સમીક્ષક તરીકે તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી-ગાંધીનગરના સહયોગમાં ધોરણ ૧ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિ મોડ્યુલ્સ તૈયાર કરવામાં આવ્યા છે.

શ્રી જિજ્ઞાસા પ્રજાપતિ એક સંવેદનશીલ માર્ગદર્શક તરીકે શિક્ષણ ક્ષેત્રે ભગીરથ પ્રયત્નો કરીને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. તેમનાં આ ઉમદા કાર્ય બદલ રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ'ની ઉજવણી દરમિયાન ગાંધીનગરના પ્રતિભાશાળી શિક્ષિકા શ્રી જિજ્ઞાસા પ્રજાપતિને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે. - પ્રિન્સ ચાવલા

રાજયના ૯ જિલ્લાની ૧૦ પેટા તીજોરી કચેરીઓને લાગશે તાળા

# રાજય સરકાર ૧૦ પેટા તીજોરી કચેરીઓને લગાડશે ખંભાતી તાળા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા ૧૦ પેટા તીજોરી કચેરીઓને બંધ કરવાનો નિર્ણય લીધો છે, રાજયના ૯ જિલ્લાની ૧૦ પેટા તીજોરી કચેરીઓને લાગશે ખંભાતી તાળા, રાજય સરકાર દ્વારા ૧૦ પેટા તીજોરી કચેરી બંધ કરવાનો નિર્ણય લીધો છે. નાણાં વિભાગ દ્વારા લેવાયેલા નિર્ણયમાં ૧૫ દિવસમાં પેટા તીજોરી કચેરીઓ બંધ કરવામાં આવશે. આ કચેરીઓમાં ઓછુ કાર્યભારણ હોવાથી નાણાં વિભાગ દ્વારા સમિક્ષા કરી નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારના નાણાં વિભાગ દ્વારા પેટા તીજોરીઓની કચેરીઓની સમિક્ષા કરીને ઓછુ કાર્યભારણ ધરાવતી પેટા તીજોરી કચેરી સ્થાનિક પરીબળોને ધ્યાનમાં લઈ બંધ કરવાનો નિર્ણય તીજોરી સુધારણા હેઠળ લેવામાં આવ્યો છે. નાણાં વિભાગ દ્વારા લેવાયેલા નિર્ણયમાં ૧૫ દિવસમાં પેટા તીજોરી કચેરીઓ બંધ કરવામાં આવશે. બંધ કરવામાં આવનાર તમામ તીજોરી કચેરીઓનુ કાર્ય અન્ય કચેરીઓમાં સંભાળશે, તેવી જ રીતે કચેરીના કર્મચારીઓનો પણ અન્ય કચેરીમાં સમાવેશ થશે, રાજયની ૯ જિલ્લાની ૧૦ પેટા તીજોરી કચેરીઓને લાગશે તાળા જેમાં (૧) અરવલ્લી જિલ્લાની મેઘરજ (૨) મોરબીની વાંકાનેર (૩) સુરેન્દ્રનગરની લખતર (૪) ભાવનગર જિલ્લાની શિહોર (૫) રાજકોટ જિલ્લાની પડધરી (૬) વડોદરા જિલ્લાની કરજણ (૯) જુનાગઢ જિલ્લાની મેંદરડા અને વંથલી જયારે મહિસાગર જિલ્લાની કડાણા અને (૧૦) આણંદ જિલ્લાની બોરસદ પેટા તિજોરી કચેરી બંધ કરવામાં આવશે. આ પેટા તિજોરીઓ બંધ થતા તેની કામગીરી કઈ તીજોરી કચેરી સંભાળશે તેના અંગે તેમજ આ તીજોરી કચેરીઓના હાલના મહેકમને સમાવવા અંગેની વૈકલ્પિક વ્યવસ્થા હિસાબ અને તીજોરી કચેરી ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

ગાંધીનગર ખાતેથી મંત્રીશ્રીના હસ્તે રૂ. ૩૭.૪૮ કરોડના ખર્ચે ૨૩૩ આંગણવાડીનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

# આંગણવાડી એ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહિ, બાળકોના સર્વાંગી વિકાસની પ્રથમ શાળાઃ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા

આંગણવાડી એ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહિ, બાળકોના સર્વાંગી વિકાસની પ્રથમ શાળા છે તેમ જણાવતાં મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, બાળકો દેશનું ભવિષ્ય છે. આંગણવાડીમાં ભવિષ્યના નાગરિકો-બાળકોનું સુયોગ્ય રીતે ઘડતર કરવામાં આવે છે. આંગણવાડીમાં અદ્યતન સુવિધાઓ, પોષણયુક્ત આહાર, રમત સાથે બાળકોને પ્રારંભિક શિક્ષણ આપવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ગાંધીનગર ખાતેથી રૂ. ૩૭.૪૮ કરોડના ખર્ચે ૨૩૩ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં મંત્રીશ્રીના હસ્તે રૂ. ૨૦.૨૩ કરોડના ખર્ચે પરંપરાગત પદ્ધતિથી બનેલી ૯૯ આંગણવાડી, ૧ ઘટક કચેરી, ૧? સેજા કચેરીનું લોકાર્પણ તથા ૬૫ આંગણવાડી કેંદ્રોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત **GSPC**ના **CSR** ભંડોળ અંતર્ગત **Light Guage Steel Frame (LGSF)** ટેક્નોલોજીના ઉપયોગથી ૧૭.૨૫ કરોડના ખર્ચે ૬૯ નવનિર્મિત આંગણવાડી કેન્દ્રોનું પણ લોકાર્પણ કરાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય કક્ષાએથી કરવામાં આવતી સતત સમીક્ષા, ફોલો-અપ અને સંકલન થકી આંગણવાડીના નવા મકાનોનું નિર્માણકાર્ય ઝડપથી પૂર્ણ



થઈ રહ્યું છે. જેના પરિણામે રાજ્યના હજારો નાના બાળકોને અદ્યતન સુવિધાઓ સાથેના નવા આંગણવાડી કેન્દ્રો ઉપલબ્ધ થઈ રહ્યા છે. આગામી સમયમાં પણ આ જ ગતિશીલતા સાથે આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનોને વધુ વિસ્તૃત કરી રાજ્યના દરેક બાળકને શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ અપાશે, તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનોની કામગીરીને બિરદાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આંગણવાડીની બહેનો બાળકોની પ્રેમ અને વાત્સલ્યથી સંભાળ રાખે છે. તેમને ઘર જેવું જ વાતાવરણ આપવામાં તેમની ભૂમિકા ખૂબ અગત્યની છે. તેમના શ્રેષ્ઠ પ્રયાસોના કારણે આજે અનેક વાલીઓ પોતાના બાળકોને આંગણવાડીમાં મોકલતાં થયાં છે. આ બહેનો આંગણવાડીમાં જ પોષણયુક્ત આહાર બનાવીને બાળકોને તેમની માતાની જેમ જ પ્રેમથી જમાડે છે. મહિલા અને બાળ વિકાસ સચિવ શ્રી રાકેશ શંકરે ખુબ જ ટૂંકા સમયગાળામાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામની કામગીરી પૂર્ણ કરવા બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં. આગામી સમયમાં પણ આજ ગતિથી આંગણવાડી કેન્દ્રોના બાંધકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરાશે તેમ સચિવશ્રીએ જણાવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાકક્ષાના ભૂલકામેળામાં ભૂલકાના કૌશલ્યને પ્રોત્સાહન આપતા વિજેતા થનાર બાળકોને મંત્રીશ્રીના હસ્તે ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, શ્રી જે. એસ. પટેલ, આઈ.સી.ડી.એસ કમિશનર શ્રી રણજીતકુમાર, **GSPC** ના **CEO** શ્રી ગૌતમ સાર્થક, મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને ભૂલકામેળામાં સહભાગી થનાર બાળકો, વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

- ઋચા રાવલ

# અમદાવાદ, વડોદરા, સાણંદ, દાહોદ અને વટવાની ફાર્મા કંપનીઓમાં બનેલી દવાઓ હલકી ગુણવત્તાની હોવાનુ બહાર આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ભેળસેળ અને ડુપ્લીકેટ દુષણને કાબુમાં લઈ શકાતુ ન હોય તેમ હવે દવા પણ હલકી ગુણવત્તાની આવતી હોવાનુ બહાર આવ્યુ છે અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એલર્ટ જારી કરાયુ છે, માત્ર જુલાઈ મહિનામાં જ ૧૪૩ દવા કવોલીટી ટેસ્ટમાં નિષ્ફળ ગઈ હતી. એટલુ જ નહી દવાના ૮ સેમ્પલ હલકી ગુણવત્તાના હોવાનુ બહાર આવ્યુ છે. ઔષધ નિયમન તંત્રના રીપોર્ટ મુજબ જુલાઈમાં ૧૪૩ દવા ગુણવત્તા માપદંડને અનુરૂપ ન હતી, ૪૬ દવાના સેમ્પલ કેન્દ્રીય લેબોરેટરીમાં અને ૯૭ દવાના રાજયની લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવ્યા હતા. એવો ચોકાવનારો ધડાકો થયો છે કે ગુજરાતમાં ઉત્પાદીત ૧૦ દવાના સેમ્પલ પણ ફેઈલ થયા હતા. ડાયાબીટીસ, બીપી, હૃદયરોગ, કીડની જેવી દવાઓ અમદાવાદ, વડોદરા, સાણંદ, દાહોદ અને વટવાની ફાર્મા ફેકટરીઓમાં ઉત્પાદીત થઈ હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### ગત વર્ષની સરખામણીએ પોર્ટલ પર ૧૦૦ ટકા વધારે લોડ આવતા સિસ્ટમ ક્રેશ થઈ હતીઃ કૃષિ મંત્રીશ્રી

# ટેકાના ભાવે ખરીદીની નોંધણી માટેનું પોર્ટલ પુનઃ કાર્યરત થયાના એક જ દિવસમાં ૨.૧૭ લાખ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરીઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી શરૂ થયા બાદ પોર્ટલ ક્રેશ થયું હતું. પોર્ટલ ક્રેશ થવા પાછળનું કારણ સ્પષ્ટ કરતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગત વર્ષે નોંધણી શરૂ થયા બાદ એક જ દિવસમાં ૪,૫૦૦ VCE લૉગિન થયા હતા અને અંદાજે ૫૯,૦૦૦ નોંધણી પૂર્ણ થઈ હતી. આ ટ્રેન્ડને ધ્યાને રાખીને ચાલુ વર્ષે પોર્ટલને ૪,૫૦૦ VCE ઉપરાંત ૩૦ ટકા વધારાની ક્ષમતા સાથે કાર્યરત કરવામાં આવ્યું હતું.

આ વર્ષે નોંધણીના પ્રથમ દિવસે જ એક સાથે ૯,૦૦૦ VCE લૉગિન થયા હતા. જેથી ગત વર્ષની સરખામણીએ લોડમાં ૧૦૦ ટકા એટલે કે બમણો વધારો થતા આ પોર્ટલ ક્રેશ થયું હતું. અચાનક વધી ગયેલા લોડથી સિસ્ટમ ક્રેશ થયા બાદ પોર્ટલની ક્ષમતા વધારીને તેને બીજા જ દિવસે સવારથી પુનઃ કાર્યરત કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પોર્ટલની ક્ષમતા વધાર્યા બાદ હાલમાં ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર સરળતાપૂર્વક નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે. આજે તા. ૩ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાક સુધીમાં જ રાજ્યના ૨.૧૭ લાખથી વધુ ખેડૂતોએ ૯,૦૦૦ VCE મારફત ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી કરી છે. રાજ્યના ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે કૃષિ વિભાગે તાત્કાલિક ધોરણે સિસ્ટમને મહત્તમ કાર્યક્ષમતાએ પુનઃસ્થાપિત કરી હતી, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

- નિતિન રથવી

### વર્ષે અંદાજે ૧૮ થી ૨૦ લાખ દેશ-વિદેશી પક્ષીઓ રાજ્યની મુલાકાતે

# રાષ્ટ્રીય વન્યજીવ દિવસ-૨૦૨૫: એશિયાઈ સિંહ, યાયાવર પક્ષીઓ, ઘુડખર, ડોલ્ફિન, ચિંકારા સહિત અનેક અબોલા જીવ માટે ગુજરાત 'સુરક્ષિત' રહેઠાણ

વન્યજીવના સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાત સરકાર જન ભાગીદારીથી અનેકવિધ નવતર અભિગમ અપનાવી રહી છે. જેના પરિણામ સ્વરૂપે એશિયાઈ સિંહ, યાયાવર પક્ષીઓ, ઘુડખર, ડોલ્ફિન, નીલગાય, ચિંકાર, ભારતીય સસલું, શિયાળ, રણ લોકડી, કાળીયાર, વરુ, રીંછ, ઝરખ, જંગલી બિલાડી સહિત અનેક લાખ્ખો અબોલા જીવ માટે વર્ષોથી ગુજરાત સૌથી 'સુરક્ષિત' રહેઠાણ બન્યું છે.

ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, વન્ય પ્રાણી સૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલી બનાવી છે. વન્ય જીવ સંરક્ષણ-સંવર્ધનના આ અભિયાનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્ય વન મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં વન વિભાગ સુપેરે આગળ ધપાવી રહ્યો છે. આ સંયુક્ત પ્રયાસોના પરિણામે જ વન્ય અને જળચર પ્રાણીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય બન્યું છે. વન્યજીવ પ્રત્યે સંવેદના, તેના રહેઠાણ અંગે જાગૃતિ અને સંરક્ષણના હેતુ સાથે ગુજરાત સહિત સમગ્ર દેશમાં દર વર્ષે તા. ૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય વન્યજીવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે વન્યજીવ દિવસની ઉજવણીમાં મુખ્યત્વે 'લુપ્ત થતી પ્રજાતિઓ-પ્રાણીઓને બચાવવા અને તેમના ટકાઉ જીવન જીવવા' અંગે વધુ જાગૃતિ આવે તેવા બિંદુઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વન વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યભરમાં વિવિધ સ્વરૂપે 'રાષ્ટ્રીય વન્યજીવ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

આ રહ્યો ગુજરાતનો વૈવિધ્ય પૂર્ણ વન્યજીવ વારસો :

એશિયાઈ સિંહ : ગુજરાતનું ઘરેણું:

રાજ્યમાં તાજેતર મે-૨૦૨૫માં યોજવામાં આવેલી ૧૬મી સિંહ વસ્તી અંદાજના મુજબ સિંહોની સંખ્યા વધીને ૮૯૧ની થઈ છે. જેમાં ૧૯૬ નર, ૩૩૦ માદા તથા પાઠડા અને બાળ સિંહનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે ડાયરેક્ટ બીટ વેરિફિકેશન એટલે કે બ્લોક કાઉન્ટ પદ્ધતિથી સિંહની વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ વર્ષે તારીખ ૧૦ થી ૧૩ મે દરમિયાન ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચોરસ કિ.મી વિસ્તારમાં વનકર્મીઓ અને સરપંચો, ગ્રામજનો સહિત ૩૮૫૪નું માનવ બળ આ કામગીરીમાં જોડાયું હતું. ગુજરાતનું 'ઘરેણું' તરીકે ઓળખાતા એશિયાઈ સિંહની સંખ્યા વર્ષ ૨૦૦૧માં ૩૨૭, વર્ષ ૨૦૦૫માં ૩૫૯, ૨૦૧૦માં ૪૧૧, ૨૦૧૫માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વધીને ૮૯૧ થઈ છે.

વર્ષે અંદાજે ૧૮ થી ૨૦ લાખ દેશ-વિદેશી પક્ષીઓ રાજ્યની મુલાકાતે

ગુજરાતમાં વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'બર્ડ ડાયવર્સિટી રિપોર્ટઃ ૨૦૨૩-૨૪' મુજબ વન્ય જીવ સંરક્ષણ અને સુરક્ષા સહિત અનેક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે ત્યારે અંદાજિત ૧૮ થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત સાચા અર્થમાં 'પક્ષી જીવન' માટે પણ સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું છે.

ધાર્મિક અને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે જયારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪.૫૬ લાખ જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે. આ સાથે જામનગર, મહેસાણા, બનાસકાંઠા તેમજ અમદાવાદ એ પક્ષી જગતમાં નોંધપાત્ર ફાળો આપે છે જે ગુજરાત માટે પક્ષી જીવનનો અતુલ્ય વારસો દર્શાવે છે. જામનગર વિવિધ ૨૨૧ પ્રજાતિઓની સાથે ૪ લાખથી વધુ પક્ષીઓની સંખ્યા ધરાવે છે.

વર્ષ-૨૦૨૪ની ગણતરી મુજબ ગુજરાતમાં ૭,૬૭૨ ઘુડખર નોંધાયા

ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર રાજ્યનું ગૌરવ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર - પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય-એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે ૭,૬૭૨ ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૪માં ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં 'Equus heminious khur' અને "ખુર" તરીકે પણ ઓળખાય છે.

ઘુડખર વસ્તી ગણતરી અંદાજે WAPE-2024માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨,૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે.

ગુજરાતના દરિયા કિનારે જોવા મળતી 'ડોલ્ફિન' પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ

ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે 'ડોલ્ફિન'.

ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં 'ડોલ્ફિનની વસ્તી ગણતરી' કરવામાં આવી હતી. જળચર- વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, ત્યારે જળચર તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે. જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન ક્ષણ છે. ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો ડોલ્ફિનના 'ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે.

ચાલુ વર્ષે ઉતરાયણ પર્વ પર 'કરૂણા અભિયાન' થકી ૧૫ હજારથી વધુ પક્ષીઓને બચાવી લેવાયા

ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થયેલા પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરીને તુરંત સારવાર આપી નવજીવન આપી શકાય તેવા ઉમદા હેતુથી દર વર્ષે રાજ્ય સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી "કરૂણા અભિયાન"નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે રાજ્યભરમાં અંદાજે કુલ ૧૭,૦૬૫ જેટલા પક્ષીઓને રેસ્ક્યુ કરી સમયસર સારવાર આપીને ૧૫,૫૭૨ જેટલા પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે. રાજ્યમાં વર્ષ-૨૦૧૭થી ઉત્તરાયણ પર્વ દરમિયાન પ્રતિ વર્ષ તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૧૨ લાખથી વધુ ઘાયલ પક્ષીઓની સારવાર કરવામાં આવી છે. જેમાંથી ૯૨ ટકા સાથે ૧.૩ લાખ જેટલા પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે. - જનક દેસાઈ

### I-PRAGATI પહેલઃ નાગરિકોને પારદર્શકતાનો અનુભવ

# ત્રણ મહિનામાં લાખો ફરિયાદીને પોતાના કેસની પ્રગતિ અંગેના અપડેટ્સ ઘરે બેઠા SMS મારફતે આપવામાં આવ્યા

### FIRના ૧.૫૯ લાખ SMS, પંચનામા અંગે ૧.૬૫ લાખ, આરોપી ધરપકડના ૧.૫૮ લાખ તેમજ ચાર્જશીટ થયા અંગે ૧.૬૩ લાખ SMS ઉપરાંત નોટિસ, આરોપીના જામીન અને મુદ્દામાલ રિકવર સહિતના અપડેટ્સ અંગે નાગરિકોને SMS કરવામાં આવ્યા

રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિના અપડેટ મેળવવા માટે વારંવાર પોલીસ સ્ટેશનના ચક્કર ન લગાવવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ત્રણેક માસ પહેલા I-PRAGATI (Intelligent Progress Reporting and Grievance Addressing through Technology Initiative) પહેલ શરૂ કરવામાં આવી હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ અને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના માર્ગદર્શનમાં શરૂ થયેલી આ પહેલનો મુખ્ય હેતુ પોલીસ ફરિયાદ નોંધાવનારા નાગરિકોને તેમના કેસની પ્રગતિ વિશે ફરિયાદીના મોબાઈલ પર જ SMS મારફતે પારદર્શક અને સમયસર માહિતી પૂરી પાડવાનો છે.

I-PRAGATI પહેલ અંતર્ગત શરૂ કરવામાં આવેલી આ સિસ્ટમ ફરિયાદીને ઓટોમેટિક SMS અપડેટ મોકલે છે, જેનાથી નાગરિકોને વારંવાર પોલીસ સ્ટેશન જવાની જરૂર રહેતી નથી. આ પહેલ શરૂ કરી ત્યારથી એટલે કે તા.૧૪ મે, ૨૦૨૫થી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન, I-PRAGATI એ નાગરિકોને લાખોની સંખ્યામાં SMS મારફતે અપડેટ્સ મોકલી છે, જેમાં FIR દાખલ થઈ ગયા અંગે ૧.૫૯ લાખથી વધુ SMS, પંચનામા અંગે ૧.૬૫ લાખથી વધુ SMS, નોટિસ અંગે ૨૫ હજારથી વધુ SMS, આરોપીના જામીન અંગે ૨૬ હજારથી વધુ SMS, આરોપી ધરપકડ અંગે ૧.૫૮ લાખથી વધુ SMS, મુદ્દામાલ રિકવર અંગે ૮૯ હજારથી વધુ SMS અને ચાર્જશીટ થયા અંગે ૧.૬૩ લાખથી વધુ SMS મોકલી નાગરિકોને સમયસર તેમના કેસ અંગે અપડેટ આપવામાં આવ્યા છે. આ પહેલથી કાયદાકીય પ્રક્રિયા વધુ પારદર્શક અને સુલભ બની છે.

આ પહેલથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કેસની પ્રગતિ વિશે પૂછપરછ કરતા નાગરિકોના પ્રશ્નોનો જવાબ આપવામાં લાગતા સમયનો બચાવ કરી શકે છે અને તેમનું ધ્યાન કેસની તપાસ પર કેન્દ્રિત કરી શકે છે. આ સિસ્ટમ થકી પોલીસ તંત્રમાં દરેક પ્રક્રિયાનો રેકોર્ડ રાખવામાં આવે છે, જે ઉચ્ચ અધિકારીઓને દેખરેખ રાખવામાં મદદ કરે છે.

નાગરિકોને થતા ફાયદા

પારદર્શકતા અને વિશ્વાસઃ I-PRAGATI સિસ્ટમ નાગરિકોને તેમની ફરિયાદની સ્થિતિ વિશે સીધી માહિતી આપીને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારે છે.

સમય અને શક્તિનો બચાવઃ નાગરિકોએ તેમના કેસની પ્રગતિ જાણવા માટે પોલીસ સ્ટેશનના વારંવાર ધક્કા ખાવા પડતા નથી, જેનાથી તેમના સમય અને શક્તિનો બચાવ થાય છે.

ઓટોમેટિક અપડેટ્સઃ આ સિસ્ટમ કેસ સંબંધિત દરેક મહત્ત્વપૂર્ણ તબક્કે (જેમ કે ધરપકડ, ચાર્જશીટ વગેરે) નાગરિકોને SMS દ્વારા આપોઆપ અપડેટ્સ મોકલે છે.

સુરક્ષા અને સંતોષઃ નાગરિકોને સતત અપડેટ મળતી રહેવાથી તેઓ સુરક્ષિત અને સંતુષ્ટ અનુભવે છે કે તેમના કેસ પર કામ ચાલી રહ્યું છે.

I-PRAGATI પહેલ ગુજરાત પોલીસ માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જે નાગરિક-કેન્દ્રિત સુશાસન અને પારદર્શકતાને પ્રોત્સાહન આપે છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા આગામી ફેસ્ટિવલ ની સીઝન દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે સ્પેશિયલ ટ્રેન (દૈનિક) વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

● ટ્રેન સંખ્યા ૦૧૯૨૦/૦૧૯૧૯ અસારવા-આગ્રા કેન્ટ-અસારવા દૈનિક સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૧૯૨૦ અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અસારવાથી દરરોજ ૧૭.૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૦.૨૦ કલાકે આગ્રા કેન્ટ પહોંચશે. તેવીજ રીતે, ટ્રેન સંખ્યા ૦૧૯૧૯ આગ્રા કેન્ટ-અસારવા સ્પેશિયલ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી આગ્રા કેન્ટથી દરરોજ ૨૩.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬.૩૫ કલાકે અસારવા પહોંચશે. માર્ગ માં, બંને દિશાઓમાં આ ટ્રેન હિંમતનગર, ડુંગરપુર, જાવર, ઉદયપુર સિટી, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બુંદી, કેશોરાય પાટન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, રૂપબાસ અને ફતેહપુર સિકરી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૧૯૨૦ નું બુકિંગ ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સં રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વડોદરામાં બંધ મકાનમાં સોનાના ૧૨ તોલા દાગીના લઈને ચોર ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના તરસાલી રોડ પર નારાયણ પાર્ક સોસાયટીમાં રહેતા હર્ષલ સંજયભાઈ પંચાલ બોરવેલનું કામ કરે છે. ગઈકાલે રાત્રે એક વાગે તેમના પત્ની સોનાલીબેન સાથે કાર લઈને ગેડા સર્કલ જમવા માટે નીકળ્યા હતા અને ઘરના મેન ગેટનું ઈન્ટરલોક માર્યું હતું. તેમના પિતા ગ્રાઉન્ડ ફ્લોર પર સુઈ ગયા હતા અને માતા અને પુત્રી ઉપરના માળ બેડ રૂમમાં સુઈ ગયા હતા રાત્રે બે વાગ્યે તેઓ ઘરે પરત આવ્યા ત્યારે મકાનનો ગેટ ખુલ્લો હતો અને બહાર ખુલ્લી જગ્યામાં કપડા વેર વિખેર પડ્યા હતા. બારીના સળિયા તોડીને અંદર ઘૂસેલી ચોર ટોળકી અંદાજે ૧૨ તોલા વજનના સોનાના દાગીના તથા ચાંદીના દાગીના મળી ૩.૧૫ લાખની ચોરીને ફરાર થઈ ગઈ હતી.જ્યારે અન્ય એક બનાવમાં માંજલપુર વડસર રોડ પર રોયલ વિલામાં રહેતા રાજીવભાઈ નરેન્દ્રભાઈ પંડ્યા જંબુસરની કંપનીમાં નોકરી કરે છે ગત ૩૦મી તારીખે પત્ની પ્રીતિબેન સાથે સવારે ૮:૦૦ વાગે ભરૂચમાં રહેતા પુત્રના ઘરે ગયા હતા અને ઘરને ઈન્ટરલોક તથા લોખંડનું તાળું માર્યું હતું. રાત્રી દરમિયાન બંધ મકાનની નિશાન બનાવી નકુચો અને ઈન્ટરલોક તોડી ઘરમાંથી અંદાજિત સવા ચાર તોલા વજનના સોનાના દાગીના અને રોકડા ૭૦૦૦૦ મળી કુલ ૧.૭૯ લાખની ચોરી કરીને ફરાર થઈ ગઈ હતી.

# ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ૫૦ QRT ક્વિક રિસ્પોન્સ ટીમ વિહિકલને ફ્લેગ ઓફ કર્યું




ગુનાખોરી અને ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા તથા ક્વિક રિસ્પોન્સ માટે ગુજરાત પોલીસે એક નવતર પહેલ કરી છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા આજે ગાંધીનગર સચિવાલય ખાતેથી ૫૦ ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) વિહિકલ-બાઈકને લીલી ઝંડી આપવામાં આવી છે. આ અત્યાધુનિક બાઈકને ગુજરાત પોલીસ દ્વારા વિવિધ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

આ બાઈકનો મુખ્ય ઉદ્દેશ ગુનાખોરીને અટકાવવા, ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અને પોલીસ વાનને જ્યાં પહોંચવામાં સમય લાગે તેવા સંવેદનશીલ સ્થળો પર તાત્કાલિક પહોંચીને કાર્યવાહી કરવાનો છે. આ બાઈક ગુનાખોરી અને ટ્રાફિક જેવી સમસ્યાઓમાં ક્વિક રિસ્પોન્સ આપવા માટે તૈયાર કરાયા છે.

QRT બાઈક હોન્ડા કંપનીના સહયોગથી તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાં કેટલીક વિશેષતાઓ ઉમેરવામાં આવી છે. ૩૫૦ સીસીના આ બાઈકમાં ડ્યુઅલ ટોન સાયરન, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ૩૬૦ ડિગ્રી વિઝિબિલિટી માટે રીઅર ડોમ્સ, ફ્રન્ટ પોલિકાર્બોનેટ વિન્ડશીલ્ડ, સી હોક લાઈટ્સ, અને સાઈડ તેમજ ટોપ બોક્સ જેવા ફિચર્સ છે. આ ઉપરાંત, બાઈકમાં પાછળના ભાગમાં બેન્ડેબલ બેટન છે જેમાં પોલીકાર્બોનેટ લેન્સવાળી લાઈટ પણ છે.

આ પહેલ પોલીસની ગતિશીલતા અને કાર્યક્ષમતામાં વધારો કરવાની સાથે સાથે નાગરિકોની સુરક્ષા વ્યવસ્થામાં પણ વધારો કરશે.

આ પ્રસંગે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય સહિત પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ હોન્ડા કંપનીના સિનિયર ડાયરેક્ટર શ્રી વિજય ધિંગરા, ઓપરેટિંગ ઑફિસર શ્રી પ્રભુ નાગરાજ, CSR હેડ શ્રી રાજીવ તનેજા કંપનીના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ માટે ગુજરાત સરકાર દ્વારા નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય પરિસંવાદ બેઠકનું આયોજન

આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો (VGRC)ના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત સરકાર દ્વારા ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય પરિસંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રાદેશિક પરિષદોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સામેલ થશે જેમની સમક્ષ રાજ્યના સર્વાંગી પ્રાદેશિક વિકાસની પહેલોને પ્રસ્તુત કરવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS)ના ગૌરવમય વારસાને અનુરૂપ ગુજરાત સરકાર દ્વારા ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ચાર પ્રાદેશિક પરિષદોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદો દરેક ક્ષેત્રની વિશિષ્ટ સંભાવનાઓને ઉજાગર કરવા, ક્ષેત્ર-વિશિષ્ટ તકોને ઓળખવા અને રોકાણોને તે ક્ષેત્રોમાં લાવવા પર કેન્દ્રિત છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવી દિલ્હીમાં યોજાનારી આ પરિસંવાદ બેઠકનું નેતૃત્વ કરશે. આ કાર્યક્રમમાં બે સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં એક સત્રમાં ઉદ્યોગપતિઓ જ્યારે બીજા સત્રમાં ફોરેન મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુખ્યમંત્રીશ્રી સંવાદ કરશે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વિશેષ સંબોધન ઉપરાંત, ઉદ્યોગપતિઓ સાથે બપોરે એક સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, IAS દ્વારા VGRC પર વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ તેમના અનુભવો શેર કરી શકે તેના માટે પણ એક સત્ર રહેશે. ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (DPIIT) ના સચિવ શ્રી અમરદીપ સિંહ ભાટિયા, IAS અને ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, IAS પણ સત્ર દરમિયાન સંબોધન કરશે. સાંજના સમયગાળામાં ફોરેન મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓના ખાસ સત્રમાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશેષ સંબોધન કરશે. આ સત્રમાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના મુખ્ય સચિવ સુશ્રી મમતા વર્મા, IAS દ્વારા VGRC પર એક પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ શ્રી સુધાકર દલેલા, IFS, સચિવ (ER), MEA અને શ્રી પંકજ જોશી, IAS, મુખ્ય સચિવ, ગુજરાત સરકાર દ્વારા સંબોધન કરવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો (VGRCs) ક્ષેત્ર-કેન્દ્રિત ચર્ચાઓ, B2B / B2G બેઠકો, વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો, રિવર્સ બાયર સેલર મીટ, ટ્રેડ શો/પ્રદર્શન, નેટવર્કિંગ તેમજ MSMEs અને કારીગરોને પ્રોત્સાહન તેમજ ઓળખ આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે. પ્રાદેશિક આકાંક્ષાઓને વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ સાથે જોડવા માટે આ પ્લેટફોર્મની રચના કરવામાં આવી છે, જેથી ભારતના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સશક્ત અને પ્રભાવી બનાવી શકાય.

# ભાવનગર-સાબરમતી સુપરફાસ્ટ ઈન્ટરસિટી ટ્રેનમાં ૪ વધારાના જનરલ કોચની સુવિધા

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધતી માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને ભાવનગર મંડળની ભાવનગર-સાબરમતી દૈનિક સુપરફાસ્ટ ઈન્ટરસિટી ટ્રેનમાં તાત્કાલિક રૂપે વધારાના કોચની સુવિધા આપવામાં આવી રહી છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે મુસાફરોની સુવિધા માટે નીચે મુજબ તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી છે –

● ટ્રેન નંબર ૨૦૯૬૬/૨૦૯૬૫ ભાવનગર-સાબરમતી-ભાવનગર દૈનિક સુપરફાસ્ટ ઈન્ટરસિટી ટ્રેનમાં ૦૪ (ચાર) જનરલ શ્રેણીના વધારાના કોચ જોડવામાં આવશે.

● આ સુવિધા ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૦૩ ઑક્ટોબર, ૨૦૨૫ સુધી ઉપલબ્ધ રહેશે.

આ નિર્ણયથી મુસાફરોને વધારાની બેઠકો તેમજ મુસાફરીની સુવિધા મળશે અને ભીડભાડમાંથી પણ રાહત મળશે.

### ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫

# "AI નજરે અંબાજીઃ અસામાજિક તત્વો પર પોલીસની ડિજિટલ પહેરેદારી"



વિશ્વવિખ્યાત અંબાજી મંદિરે ભાદરવી પૂનમ મહામેળા દરમ્યાન લાખો માઈભક્તો માતાજીના દર્શનાર્થે દૂર દૂરથી પગપાળા આવે છે. યાત્રિકોની સુરક્ષા, સલામતી અને સુવ્યવસ્થિત આયોજન માટે બનાસકાંઠા પોલીસ વિભાગ દ્વારા વિશેષ તકેદારી લેવામાં આવી રહી છે. આ વર્ષે પ્રથમવાર અંબાજીમાં પોલીસ વિભાગ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ તથા અસામાજિક તત્વોને ડામવા માટે કૃત્રિમ બુદ્ધિ (AI) ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

AI આધારિત સર્વેલન્સ સિસ્ટમ દ્વારા સમગ્ર મેળાના વિસ્તારમાં શંકાસ્પદ હલનચલન, ગુમ થયેલા યાત્રિકોની ઓળખ અને ભીડના સંચાલન પર તાત્કાલિક નજર રાખી શકાય છે.

સ્માર્ટ કંટ્રોલ રૂમ મારફતે મેળા ક્ષેત્રના તમામ મહત્વના સ્થળો પર સીસીટીવી કેમેરાથી લાઈવ મોનીટરીંગ થાય છે. કોઈપણ પ્રકારની અણધારી ઘટના કે ગુનાહિત પ્રવૃત્તિ સામે પોલીસ તાત્કાલિક કાર્યવાહી કરી શકે છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ અધીક્ષક શ્રી પ્રશાંત સુંબેએ જણાવ્યું કે, સીસીટીવી સર્વેલન્સ સાથે એ.આઇ ટેક્નોલોજીનો સમન્વય સાધી મેળામાં યાત્રિકોને સલામતિ અને સુરક્ષા પ્રદાન કરવામાં આવી રહી છે. સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોમાંથી મેળવેલ ગુનેગારોના ચહેરા ઓળખી તેમને પકડવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત એક સમયે મંદિરમાં કેટલાં લોકોએ દર્શન કર્યા તેનો અંદાજ મેળવી ભીડને નિયંત્રણ કરી શકાય છે. "શો માય પાર્કિંગ" એપ દ્વારા પાર્કિંગ નિયોજન કરવામાં આવે છે. આમ મેળામાં આધુનિક ટેક્નોલોજી અને એ.આઈ.ના સમન્વયથી પોલીસ તંત્ર રાઉન્ડ ધ ક્લોક માઈભકતો માટે નિષ્ઠાપૂર્વક ખડેપગે સેવા બજાવી રહી છે. પોલીસ અધિક્ષકશ્રીએ કહ્યું કે "યાત્રિકોની જાનમાલની સુરક્ષા અમારી પ્રથમ પ્રાથમિકતા છે. ટેક્નોલોજીનો આ ઉપયોગ ભક્તોની સલામતિને વધુ મજબૂત બનાવશે."

### માઈભક્તોની સુરક્ષા માટે આધુનિક ઉપકરણો દ્વારા પોલીસ વિભાગની રાઉન્ડ ધ ક્લોક કામગીરી

અંબાજી ભાદરવી મેળામાં યાત્રિકોની સુરક્ષાના અન્ય ઉપકરણો જોઈએ તો પીપલ કાઉટીંગ કેમેરા - ૧૨, AI કેમેરા - ૧૨, સોલાર બેઝ AL કેમેરા - ૨૦, બોડી વોર્ન કેમેરા - ૯૦, પોલીસ વ્હીકલ માઉટીંગ કેમેરા, ક્રાઉડ મેનેજમેન્ટ સીસ્ટમ વિથ માઈક્રો ફોન સ્પીકર તેમજ હંગામી તમામ પાર્કિંગ કેમેરાની ફીડ GPYVB દ્વારા પોલીસ કંટ્રોલ રૂમમાં આપવામાં આવે છે, જેના દ્વારા મેળામાં કોઈપણ અસામાજિક કે ગુનાહિત પ્રવૃતિ પર બાઝ નજર રાખી તેને ડામી શકાય છે.

# આગામી ૮ સપ્ટે. સોમવારથી ૧૫ મી વિધાનસભાનુ ચોમાસુ સત્ર યોજાશેઃ ૫ સુધારા વિધેયક રજુ થશે




**જીએસટી સુધારા વિધેયક : ગુજરાત વૈધક વ્યવસાય સુધારા વિધેયકઃ ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમઃ ગુજરાત જન વિશ્વાસ વિધેયક : ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ સુધારા વિધેયક**

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં આગામી તારીખ ૮ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ૧૫ મી ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર યોજાશે. આ ૩ દિવસની સંભવિત કામગીરી સંદર્ભે પ્રવકતા મંત્રીએ જણાવ્યુ હતુ કે તા. ૮ મી ના રોજ સત્રની શરૂઆત પ્રશ્નોત્તરી થી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે, ત્યારબાદ ગૃહ મુલત્વી રાખવામાં આવશે. તા. ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોત્તરી અને અન્ય કામકાજ ઉપરાંત ૫ વિધેયક રજુ થશે, ઓપરેશન સિંદુરની સફળતાના પગલે આ સત્ર દરમિયાન મુખ્યમંત્રી દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે. પ્રવકતા મંત્રીએ કહ્યુ હતુ કે સત્ર દરમિયાન કુલ ૫ વિધેયક રજુ કરાશે, જેમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનુ કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫ નાણાં વિભાગનુ ગુજરાત માલ અને સેવાકર (દ્વિતિય સુધારા) વિધેયક ૨૦૨૫, ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક ૨૦૨૫ તેમજ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનુ ગુજરાત વૈધક વ્યવસાયોનુ (સુધારા) વિધેયક ૨૦૨૫, અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરવામાં આવશે, વિધેયક ની વિગતો આપતા મંત્રીએ જણાવ્યુ હતુ કે રાજયમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારની વધુ તકો ઉભી કરવા માટે રાજય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશયક લાભો અને સુરક્ષાના પગલાઓ સંબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલા લેવા જરૂરી હોઈ વટહુકમ લાવવામાં આવ્યો હતો જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા કારખાના (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરવામાં આવશે.

પ્રવકતા મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે ગુડ્સ એન્ડ સર્વિસ (જીએસટી) ટેક્ષ કાઉન્સિલની ભલામણોને શકય તેટલી વહેલી તકે લાગુ કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ ૨૦૧૭ (સીજીએસટીએક્ટ) અને ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ ૨૦૧૭( જીજીએસટી એકટ) ની જોગવાઈઓની એકરૂપતા જાળવવા માટે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ ૨૦૧૭ માં સુધારો કરવો જરૂરી હોઈ વટહુકમ કરવામાં આવ્યો છે. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા આ વિધેયક લાવવામાં આવશે. આ ઉપરાંત ઉદ્યોગોમાં વ્યવસાય પ્રક્રિયાના પુનઃ નિર્માણને પ્રોત્સાહન મળે અને લોકોના જીવનની સરળતામાં સુધારો થાય તે હેતુથી રાજય સરકાર કાનુની નિયમોને સરળ બનાવવા, ડીજીટાઈઝેશન અને તર્ક સંગત બનાવવા જેવા શ્રેણીબધ્ધ પગલા લેવા માટે તત્પર છે. જે અંતર્ગત સરકાર જીવન અને વ્યવસાયોને સરળ બનાવવા અને કોર્ટ પરના કેસોનુ ભારણ ઘટાડવા માટે ગુજરાત જન વિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ થશે.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની સુચના મુજબ રાજયમાં આયુર્વેદિક અને યુનાની પ્રેકટીશનરોની પ્રેકટીસ / નોંધણીની નિયમનકારી સંસ્થાને સ્ટેટ મેડીકલ કાઉન્સિલ ફોર આયુર્વેદિક અને યુનાની સિસ્ટમસ ઓફ મેડીસીન તરીકે ઓળખવામાં આવશે. જેથી ગુજરાત મેડીકલ પ્રેકટીસનર્સ એકટ ૧૯૬૩ માં બોર્ડ શબ્દને બદલે કાઉન્સિલ શબ્દનો ઉપયોગ કરીને યોગ્ય સુધારા લાવવા જરૂરી છે જેના ભાગરૂપે ગુજરાત વૈધક વ્યવસાયીઓનુ (સુધારા) વિધેયક ૨૦૨૫ લાવવામાં આવશે. રાજય સરકારે રાજયમાં કલીનીક સંસ્થાઓની નોંધણી અને નિયમન માટે ગુજરાત કલીનીકલ સ્થાપના (નોંધણી અને નિયમન ) અધિનિયમ ૨૦૨૧ લાગુ કર્યો છે. રાજયભરમાં આ કાયદાનો અસરકારક અમલ થાય તે માટે કાયદા દ્વારા ફરજીયાત નોંધણી માટે કલીનીકલ સંસ્થાઓને વધુ વ્યાજબી સમયે પુરો પાડવો જરૂરી માનવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લામાં ટેકાના ભાવે નોંધણીના સર્વરમાં સતત ધાંધીયાઃ ખેડુતો સવાર થી લાઈનમાં

**હિંમતનગર સહિત જિલ્લામાં ખેડુતોની સવાર થી જ લાંબી કતારો : રજીસ્ટ્રેશનમાં થતા ધાંધીયાથી ખેડુતોમાં રોષ ફેલાયો**



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં વહેલી સવારથી ખેડુતોની કતાર જોવા મળી રહી છે, જિલ્લાના અનેક સેન્ટરોમાં ટેકાના ભાવે રજીસ્ટ્રેશન માટે પોર્ટલ બંધ છે,મગફળી, સોયાબીન, મગ, અડદ માટે રજીસ્ટ્રેશન શરૂ થયુ છે, તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ઈ-સમૃધ્ધ પોર્ટલ પર રજીસ્ટ્રેશનની ડેડલાઈન છે, ડીઝિટલ ઈન્ડીયાની વાતો વચ્ચે ગ્રામ્ય વિસ્તારના ખેડુતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે,

જિલ્લામાં ઈ-સમૃધ્ધ પોર્ટલ સર્વર ઠપ્પ થયાની અનેક જગ્યાએથી ફરીયાદો મળી રહી છે, હિંમતનગરમાં પણ સર્વર ઠપ થતા ખેડુતોએ આ મામલે કલેકટરને ફરીયાદ કરી હતી, સાબરકાંઠા જિલ્લામાં સર્વર ઠપ થવાને કારણે ખેડુતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે, કયાંક સર્વર ઠપ તો કયાંક સર્વર જામ, હોવાની સ્થિતિ સર્જાતા ખેડુતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગઈ કાલે મોટાભાગના સેન્ટરો પર સર્વરજામની ફરીયાદો મળી હતી, ઈ-સમૃધ્ધ પોર્ટલ ઠપ થઈ જતાં બે દિવસથી ખેડુતોને સેન્ટર પર ધકકા ખાવાનો વારો આવ્યો છે. કેટલાક ઠેકાણે મોડી રાતથી સેન્ટર બહાર ખેડુતોની લાઈનો લાગી હતી, સર્વર ઠપ થઈ જતા રજીસ્ટ્રેશન નથી થતુ, ખુદ તલાટી કમ મંત્રીએ પણ સર્વર ઠપ થયાની વાતને સ્વીકારી હતી, તેમણે જણાવ્યુ હતુ કે ઈ-સમૃધ્ધ પોર્ટલ પર રજીસ્ટ્રેશન નથી થઈ રહ્યુ, વિગતો ભરી સબમીટ કરતી વખતે ક્ષતિ સર્જાઈ છે. સર્વરમાં ગરબડીના કારણે સવાર થી અત્યાર સુધીમાં માત્ર ૧ રજીસ્ટ્રેશન શકય બન્યુ હોવાનુ ખેડુતો જણાવી રહ્યા છે. ટેકાના ભાવે ખેત ઉત્પાદન વેચવા નોંધણી કરાવવામાં પણ વિઘ્નો આવી રહ્યા છે. સર્વર ઠપ થઈ જતા સેન્ટર પર ખેડુતોની લાંબી કતારો જોવા મળી રહી છે, ખેડુતોના મોટા ભાગનો સમય પણ વેડફાઈ રહ્યો છે. ખેડુતો ખેતરો મુકી પંચાયત ની ઓફીસ પર ધકકા ખાવા મજબુર બન્યા છે. જિલ્લાના ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, લાંબડીયા, પ્રાંતિજ અને તલોદ સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સર્વર ઠપ થયાની ફરીયાદ નોંધાઈ છે.

# હિંમતનગર,ઈડર અને પ્રાંતિજમાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણીઃ શહેરની મસ્જીદો, દરગાહ તેમજ સોસાયટી વિસ્તારોને રોશનીથી શણગારવામાં આવી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સમગ્ર વિશ્વમાં ઈસ્લામ ધર્મના પયગંબર હઝરત મોહમદ સાહેબનો જન્મ દિવસ ઈદે મિલાદુનબી તરીકે ધાર્મિક શ્રધ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ પવિત્ર તહેવારની સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર, ઈડર , પ્રાંતિજ સહિતના શહેરોમાં ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઈસ્લામી કેલેન્ડરના રબીઉલ અવ્વલ મહિનાની ૧૨ મી તારીખે ઉજવાતા આ પર્વ નિમિત્તે હિંમતનગર શહેરના અશરફનગર છાપરીયા, માલીવાડા, વ્હોરવાડ, પોલોગ્રાઉન્ડ સહિતના વિસ્તારોની મસ્જીદો અને દરગાહો સહિત સોસાયટીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવી છે. શહેરની વિવિધ મસ્જીદો અને મકાનોમાં આકર્ષક લાઈટીંગ અને રોશનીથી સજાવવામાં આવ્યા છે. જે રાત્રે સમગ્ર વિસ્તારને મિલાદુનબીમય બનાવી વાતાવરણને જળહળતુ બનાવે છે અને લોકોનુ ધ્યાન ખેંચે છે, ચાલુ વરસે ૫ મી સપ્ટેમ્બરે ઈદેમીલાદુનબીની ઉજવણી થવાની છે, ત્યારે તે અગાઉ જ શહેરની વિવિધ મસ્જીદોમાં મોડી રાત સુધી વાયજ અને ઝીક્ર ના કાર્યક્રમો રાખવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ આ પર્વ નિમિત્તે કુરાનખ્વાની, નાતખ્વાની, તકરી અને નિયાઝ જેવા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે, જેમાં મોટી સંખ્યામાં મુસ્લીમ સમુદાયના લોકો ભાગ લઈ રહ્યા છે.

હિંમતનગર શહેરમાં પણ લોકોમાં આ પર્વને લઈને વિશેષ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સમગ્ર હિંમતનગર શહેર ઉત્સવના માહોલમાં રંગાઈ ગયુ છે. આ ઉજવણી ભાઈચારા અને શાંતિનો સંદેશ આપે છે.

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો ઉદય થવા જઈ રહ્યો છે ? ૫૦૦થી વધુ લોકો ભાજપ કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં કંથરપુરા ગામ ખાતે આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાંથી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ તરીકે ચુંટાયેલા અને બે વાર તાલુકા પંચાયતમાં ચુંટાયેલા દિનેશભાઈ રામાભાઈ તડવીએ ભાજપને રામ રામ કરી પોતાના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. આ સાથે તિલકવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના માજી સરપંચ, ડે.સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને કંથરપુરા, મરસણ, વાસણ, વિરપુર, રેગણ કોલોની, વડીયા ટેકરા, ધાણીખોર, ડાભેડ, કાટકોઈ, વ્યાધર જેવા ગામડાઓમાંથી યુવાનો અને વડીલો ભાજપ અને કોંગ્રેસમાંથી છેડો ફાડી ૫૦૦ થી વધુ લોકોએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. કાર્યકરોએ કહ્યુ હતુ કે ભાજપ સરકારમાં કાર્યકરોના કામો થતા નથી અને ભાજપ સરકાર માત્ર ને માત્ર ચુંટણીના ટાંણે જ કાર્યકરોને યાદ કરે છે, સરકાર બન્યા બાદ કાર્યકરોની કોઈ છીંકણી સુંઘતુ નથી, ત્યારે હવે પરીવર્તન લાવવા માટે એક સાથે આમ આદમી પાર્ટીમાં લોકો જોડાયા હતા. આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવાની વિચારધારા, આમ આદમી પાર્ટી ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ઈમાનદાર રાજનીતી , પાર્ટીની વિચારધારા અને પાર્ટી જે કામગીરી કરે છે તેનાથી પ્રેરીત થઈને આ તમામ યુવાનો અને આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે ગણતરીના મહિનાઓમાં ગુજરાત માં મહાનગરપાલિકા, નગરપાલિકા , જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચુંટણીઓ યોજાવવા જઈ રહી છે ત્યારે આમ આદમી પાર્ટીને પુરેપુરો વિશ્વાસ છે કે આવનારી તમામ ચુંટણીઓમાં આમ આદમી પાર્ટી નવો ઈતિહાસ રચશે અને ગુજરાતની રાજનીતીને નવો વળાંક આપશે.

# હવે મેડીકલના સાધનો બનાવનારાઓ ડોકટરોને ફ્રી સેમ્પલ આપી શકશે : ડોકટરોની ભેટ કે અન્ય કોઈ લાલચ આપ્યા વગર ફકત ઉત્પાદનનો અનુભવ કરાવવાના હેતુ સાથે નિયમો બનાવાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

મેડીકલના સાધનો બનાવતી કંપનીઓ હવે ડોકટરોને મફત સેમ્પલ આપી શકશે, જેથી ડોકટરો નવા સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખી શકે અને તેની ગુણવત્તાનુ મુલ્યાંકન કરી શકે, જો કે સરકારે આ માટે કેટલાક નિયમો બનાવ્યા છે,

આ નિયમ મુજબ સેમ્પલની કિંમત એટલી જ હોવી જોઈએ, જેટલી કિંમતે તે સાધન સ્ટોકીસ્ટ ને વેચાય છે, જો કંપનીએ આ સેમ્પલ બહાર થી ખરીદ્યા હોય તો ખરીદ કિંમતને જ સેમ્પલનુ મુલ્ય ગણવામાં આવશે. આ નિર્ણયનો હેતુ એ છે કે ડોકટરોને ભેટ કે અન્ય કોઈ લાલચ આપ્યા વગર ફકત ઉત્પાદનનો અનુભવ કરાવવાનો છે, આ નવી નીતી ડોકટર / કંપનીના સંબંધોમાં પારદર્શિતા લાવશે અને નૈતિક પ્રથાઓને પ્રોત્સાહન આપશે તેનાથી મેડીકલ ઈન્ડસ્ટ્રીમાં યોગ્ય વ્યવસાયિક માહોલ ઉભો થશે, આ નવા નિયમ હેઠળ કંપનીના સીઈઓને આચાર સંહિતાનુ પાલન કરવવાની જવાબદારી સોંપવામાં આવી છે, કંપનીઓએ દર વરસે તેમના માર્કેટીંગ ખર્ચની વિગતો નાણાંકીય વર્ષના અંતના બે મહિનામાં જાહેર કરવી પડશે. આ પગલાથી માર્કેટીંગમાં પારદર્શિતા વધશે અને ગ્રાહકોને પણ ફાયદો થશે.

એક ઉદ્યોગના નિષ્ણાંતે આ નિર્ણયનુ સ્વાગત કરતા કહ્યુ હતુ કે તેનાથી બજારમાં યોગ્ય સ્પર્ધા જળવાશે અને દર્દીઓને વધુ સુરક્ષિત અને ભરોસાપાત્ર મેડીકલ સાધનો મળી રહેશે, આ નીતીથી ડોકટરોને બિનજરૂરી ભેટ કે પ્રલોભન આપવાનુ બંધ થશે અને દર્દી/ કેન્દ્રીત પ્રથાઓને પ્રોત્સાહન મળશે. આનાથી મેડીકલ ઉપકરણોની ગુણવત્તા પર પણ વધુ ધ્યાન કેન્દ્રીત થશે, આખરે આ નિર્ણયનો અંતિમ લાભ સામાન્ય નાગરીકોને મળશે.

આ નવા નિયમોથી ડોકટરોને નવા સાધનોનો અનુભવ મળશે, જે દર્દીઓને વધુ સારી સારવારમાં મદદ કરશે, તો બીજી તરફ ગ્રાહકો માટે ભરોસાપાત્ર અને સુરક્ષિત સાધનો વિશે સાચી માહિતી મળશે, તો બીજી તરફ ઉદ્યોગ માટે બજાર નૈતિક અને સમાન સ્પર્ધા જળવાશે. તો બીજી તરફ પારદર્શિતામાં માર્કેટીંગ ખર્ચ જાહેર થવાથી સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા આવશે.

# ગૃહમંત્રીના પ્રભારી વિસ્તાર વડોદરામાં પીધેલા કોન્સ્ટેબલે પોલીસ સ્ટેશન માથે લીધુઃ અધિકારીઓની હાજરીમાં ગાળાગાળી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂ બંધીના પોલીસ કર્મીએ જ લીરેલીરા ઉડાવ્યા હોવાનો બનાવ ગૃહમંત્રીના પ્રભારી વિસ્તાર વડોદરામાં બનવા પામ્યો છે, વરણામાં પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર ઉ.વ.૩૭ એ પોતાની સોસાયટીમાં નોકરી પુરી કર્યા બાદ દારૂ પીધેલી હાલતમાં આવી, સ્થાનિક રહીશો સાથે ગાળાગાળી કરી ઝઘડો કરવા લાગ્યો હતો, જેનો વિડીયો કોઈક સ્થાનિકે બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કર્યો હતો ત્યારબાદ પોલીસ કોન્સ્ટેબલને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવતા ત્યાં પણ ગાળાગાળી કરી નશાની હાલતમાં હોબાળો કરી પોલીસ સ્ટેશન માથે લીધુ હતું.

વરણામાં પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર નોકરી પુરી કર્યા બાદ છુટી તેમની વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં આવ્યા હતા ત્યારે દારૂનો નશો કરેલી હાલતમાં હતા, સોસાયટીના ગેટ નજીક સ્થાનિક લોકો સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા જેથી કોઈક નાગરીકે કોન્સ્ટેબલનો પીધેલી હાલતમાં ગાળાગાળી કરતો વિડીયો બનાવીને સોશીયલ મીડીયા પર વાયરલ કરી નાખ્યો હતો.

આ ઉપરાંત સ્થાનિકે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર વિરૂધ્ધ પ્રોહિબીશનનો ગુન્હો દાખલ કર્યો હતો. ફરીયાદી કિરણ નાગરે જણાવ્યુ હતુ કે અમે તેમને પુછવા માટે તેમના ઘરે ગયા ત્યારે પણ તેમણે અમારી પર હુમલો કર્યો હતો, એ પછી મે ૧૦૦ નંબર પર ફોન કર્યો હતો, પોલીસ લગભગ ૯ વાગે આવી હતી અને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, તેમણે ફરીથી ડબલ નશો કર્યો હતો અને પોલીસ સ્ટેશનની સામે જ અમારી પર હુમલો કર્યો હતો, લોકઅપ માં થી પણ અમને ગાળો બોલી રહ્યો હતો અને લેડીઝ કોન્સ્ટેબલ સાથે પણ ખરાબ વર્તન કર્યુ હતું.

# ગુજરાતની નગરપાલિકાઓની સત્તામાં સીધો ૫૦ ટકાનો વધારોઃ રૂ.૭૦ લાખ સુધીના કામોની મંજુરી આપી શકશે



પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષની સંકલ્પના સાકાર કરીનો શહેરો અને નગરોમાં સ્થાનિક સત્તા તંત્રો દ્વારા હાથ ધરવામાં આવતા નાગરીક લક્ષી વિકાસ કામોને વધુ વેગવાન બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

રાજયની નગરપાલિકાઓને શહેર વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત રાજય સરકારના આયોજન પ્રભાગહસ્તકની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રીક અને વહિવટી મંજુરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો સરકારે નિર્ણય લીધો છે. વડાપ્રધાન મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યકાળમાં ૨૦૦૫ માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબધ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો. શહેરી વિકાસની બે દાયકાની આ સફળતાને પગલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરી પરીવેશમાં પરીવર્તન અને નાગરીકોના શસકિતકરણથી સ્માર્ટ એન્ડ સસ્ટેનેબલ સીટીઝ નિર્માણનુ લક્ષ્ય રાખ્યુ છે. આ લક્ષને સાકાર કરવા શહેરોમાં વિકાસ કામોમાં વધુ વેગ લાવીને શહેરી જનસુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે નાણાંકીય સત્તા મર્યાદામાં કરવામાં આવેલો આ વધારો પરીણામકારી બનશે.

મુખ્યમંત્રીએ આ હેતુસર અ વર્ગની નગરપાલિકાઓના વિકાસ કામો માટે નગરપાલિકા કક્ષા સમિતિ દ્વારા તાંત્રીક અને વહિવટી મંજુરી આપવાની હાલની નાણાંકીય મર્યાદા રૂપીયા ૫૦ લાખ છે. તેમાં રૂપીયા ૨૦ લાખ વધારીને હવે રૂપીયા ૭૦ લાખ કરી છે. એટલુ જ નહી બ વર્ગની નગરપાલિકાઓ માટે ૪૦ થી વધારીને રૂપીયા ૫૦ લાખ , ક વર્ગ માટે રૂપીયા ૩૦ થી વધારીને રૂપીયા ૪૦ લાખ, ડ વર્ગ માટે ૨૦ થી વધારીને રૂપીયા ૩૦ લાખ સુધીના કામોની તાંત્રીક અને વહિવટી મંજુરી આપવાની સત્તા સોંપવામાં આવી છે. મુખ્યમંત્રીએ વહિવટી સરળીકરણની દિશામાં એક ઉદાહરણરૂપ પગલુ લઈને એવુ સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે કે નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રીક તેમજ વહિવટી મંજુરી મળેથી પ્રાદેશિક મ્યુનિસીપલ કમિશ્નર આર સી એમ ઓફીસ દ્વારા સંબંધીત નગરપાલિકાને દરખાસ્ત મળ્યાના ૫ દિવસમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. એટલુ જ નહી આવી ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે જેના પરીણામે નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ કામો શરૂ કરવામાં વિલંબનુ નિવારણ અને ગ્રાન્ટનો મહત્તમ સદપયોગ થશે.

મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિસ્તારોના ધારાસભ્ય, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ અને અગ્રણીઓએ આ માટે કરેલી રજુઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે નાણાંકીય સત્તા મર્યાદામાં વધારો કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરીણામે શહેરો અને શહેરી વિસ્તારોના શુઆયોજીત વિકાસ સાથોસાથ અર્નિંગ વેલ-લીવીંગ વેલ નો અભિગમ પણ ચરીતાર્થ થશે અને શહેરી વિસ્તારોમાં જનસુખાકારી કામો સહિતના વિવિધ વિકાસ કામો ગુણવત્તા સાથે સમયબધ્ધ પુર્ણ થશે.

# ધો. ૯ થી ૧૨ માં દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી લેવાશેઃ શાળાઓ પોત પોતાની રીતે સમયપત્રક બનાવી શકે તેવી છુટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉચ્ચત્તર માધ્યમિક વર્ગોમાં ધો. ૯ થી ૧૨ સુધીમાં સત્રાદીઠ કસોટી અંગેના મહત્વના સમાચારો પ્રાપ્ત થયા છે. હાલ મળેલી માહિતી અનુસાર દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી લેવાની જાહેરાત કરવામાં આવી છે, મુલ્યાંકન સબબ એકમ કસોટીના વિકલ્પે ત્રિમાસીક કસોટી લેવામાં આવનાર હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

આ અંગેનો સમયપત્રક શાળા પોતે નકકી કરી શકશે તેવી છુટ આપવામાં આવી છે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં સત્રાદીઠ એક જ કસોટી લેવાશે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધો. ૯ થી લઈને ૧૨ સુધીમાં ઉચ્ચત્તર માધ્યમિક વર્ગોમાં સત્રાદીઠ એકમ કસોટીને મહત્વ આપવામાં આવ્યુ છે. આ વખતે દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી લેવાશે. મુલ્યાંકન સબબ એકમ કસોટીના વિકલ્પે ત્રિમાસિક કસોટી લેવામાં આવનાર છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં સત્રાદીઠ એક જ કસોટી લેવાશે.